શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપંક

વર્ષ : ૨૪
અંક : ૫

**"ટપક"ના વાચક મિત્રો,**

૧૯૯૮ થી ટપક ન્યુઝ લેટરના માધ્યમથી આપણે સંકળાયેલા છીએ. ટપક દ્વારા આપ સૌના સંપર્કમાં રહેવાનુ પ્રાપ્ત થયુ. આપ સૌના પ્રતિભાવોથી તેમાં સુધારાઓ પણ કરતા રહયા. ડીજીટલ માધ્યમના વધતા પ્રભાવના કારણે છેલ્લા પાંચેક વર્ષથી ટપક શરૂ રાખવા કે બંધ કરવા ચર્ચા ચાલતી રહી પણ વાંચકો અને ટીમ તે શરૂ રાખવાની તરફેણમાં હોવાથી આજે ૨૪ વર્ષની યાત્રા પુર્ણ કરી છે.

ટપકની છાપેલી નકલો ૧૦૦૦ પોસ્ટથી અને ઘરે ૫૦૦ રૂબરૂ દર મહિને વાંચકો સુધી પહોંચે તેમ કરીએ છીએ. તેની પીડીએફ નકલ ટપક સાથે સંકળાયેલા મિત્રો પોતપોતાના સોશ્યલ મીડીયા ગૃપમાં શેર કરે છે.

ટપકમાં સમાવવામાં આવતી બાબતો મોટા ભાગે સંસ્થાની કામગીરીની આસપાસ સિમીત રહી. આ ન્યુઝ લેટરને નવીનતમ, અનોખુ કે રસપ્રદ બનાવવાના પ્રયાસો થયા પણ સંસ્થાના સતત બદલાતા સ્ટાફ તથા તેના વધારાના કામોને લઈને સૌ જોઈએ તેવી સફળતા મળી નહિ. આમ, ઘણી વાર ટપકના કન્ટેનમાં સાતત્યતા ન જાળવી શકવાના પ્રતિભાવો પણ સાંપડેલ છે. આ ૮ પેઝની માસિક પત્રિકા માટે અલગથી સ્ટાફ રાખવા ફંડ એકત્ર કરવા પ્રયાસ કર્યો હતો પણ તે માટે પુરતા ફંડની વ્યવસ્થા થઈ શકી નહી એટલે ટપક ચાલુ રહી શકે તે માટે જે પણ ઉપલબ્ધ સંશાધનો હતા તેનો ઉપયોગ કરીને ચલાવતા રહયા.

ટીમના સભ્યો તથા સંસ્થા સાથે સંકળાયેલા સાથીઓ સાથે પરામર્શ કરતા એવો મત બન્યો કે હવે ટપક આ રીતે બનાવીને પ્રીન્ટ કરવાનુ અને પોસ્ટથી કે રૂબરૂ બધાને મોકલવાનુ કરીએ છીએ તેના કરતા માત્ર ડીજીટલ બનાવવાનું રાખીએ અને આપણે સૌ ડીજીટલ માધ્યમથી મળતા રહીએ. દર મહિને પ્રસિધ્ધ થતા આ 'ટપક' પ્રકાશનને બંધ કરીએ.

મને લાગે છે કે આ નિર્ણય ઘણો કઠીન છે. પણ બદલાતી પરિસ્થિતિમાં તે જરૂરી જણાય છે કારણ કે જો તેની ફલશ્રુતિ જેટલી મેનપાવર અને નાણાના ખર્ચના પ્રમાણમાં મળતી ન હોય તો તે પણ બરાબર નથી તેમ જણાયુ છે.

વાચક મિત્રો, આપનો ટપકને મળેલ સહયોગ બદલ અમે આપના આભારી છીએ.

— એસએસકેકે પરિવાર

**વિચાર અને વાણી થકી મનુષ્ય ઓળખાય છે.**

# શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર

*Towards Sustainable alternative choices of livelihood*

સામાન્ય સભા

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રની વાર્ષિક સામાન્ય સભા તારીખ ૨૬/૦૬/૨૦૨૨ ના રોજ ૧૫ કલાકે નીચે દર્શાવેલ કાર્યસુચિ મુજબના કામકાજ માટે ૨૬, ઓમનગર(૩), હનુમાનપરા રોડ, અમરેલી ખાતે મળશે તો તમામ સામાન્ય સભ્યોએ ઉપસ્થિત રહેવા વિનંતી છે.

**કાર્યસુચિ**

૧. ગત મીટીંગની કાર્યવાહી નોંધને મંજુરી.
૨. વાર્ષિક હિસાબ અંદાજપત્ર અને અહેવાલને બહાલી આપવા બાબત.
૩. અન્ય સમિતીઓમાં થયેલ કાર્યવાહીને બહાલી આપવી.
૪. સંસ્થાની પોલીસી (નીતિ)ની સમીક્ષા અને બહાલી.
૫. અધ્યક્ષ સ્થાનેથી રજુ થાય તે.

સ્થળ: અમરેલી
તા. ૨૫/૦૫/૨૦૨૨

Shikshan Ane Samaj Kalyan Kendra • Amreli

**ખાસ નોંધ**

સામાન્ય સભામાં કોઈ સભ્યએ પ્રસ્તાવ, પ્રશ્ન કે ઠરાવ મુકવા હોય તો બેઠકના ચાર દિવસ અગાઉ સંસ્થાના કાર્યાલયે શ્રી ભરત વાળાને પહોંચાડવા વિનંતી છે.

વાર્ષિક મીલન

સંસ્થા સાથે જોડાયેલ સંગઠનો હરિરાજ, અવિરત, જાફરાબાદ અને સોરઠ એગ્રીકલ્ચર પ્રોડયુસર કંપની લી., અન્ય સાથી તેમજ સહયોગી સંસ્થાઓ વ્યકિતઓ, લક્ષિત સમૂહના સભ્યો, સંસ્થાનો સ્ટાફ, સંસ્થાના સભાસદો, શુભેચ્છકો સાથે મળી સંસ્થાની કામગીરીની સમીક્ષા તેમજ લક્ષિત સમૂહની તકલીફો સમજવામાં તથા આ સમૂહને તેના ઉકેલની દિશામાં લઈ જવામાં ઉપયોગી થાય તે માટે દર વર્ષે વાર્ષિક મીલન યોજવામાં આવે છે. આ વર્ષે આ મીલન તારીખ ૨૬/૦૬/૨૨ ના રોજ સવારના ૧૦ કલાકે કાર્યાલયે રાખવામા આવેલ છે. તો તમામ સાથી મિત્રો/સંસ્થાઓ તથા શુભેચ્છકો સૌને આ સંમેલનમાં ભાગ લેવા નિમંત્રણ છે. સંમેલનમાં આપના પ્રતિભાવો/ઉપયોગી સૂચનો તથા માર્ગદર્શન મળી રહે તે આ સંમેલનનો મુખ્ય ઉદેશ છે.

Shikshan Ane Samaj Kalyan Kendra, 26-Omnagar (3), Behind G.I.D.C., Hanumanpara Road, AMRELI-365 601.
Phone-Fax : (02792) 223525 • E-mail : info@sskkamreli.org • www.sskkamreli.org
Field Office : (1) Behind Kisan mall, Mali road, Timbi -362730 • Email: ingj14@sskkamreli.org
(2) Manubhai's house, Opp. SBI, Dhokadava - 362565 • Email : ingj27@sskkamreli.org
(3) Avirat Agro, Opp. Kumarshala, Khambha-365550 • Email: ingj46@sskkamreli.org
(4) N.M Vyas's house, near Derasar, Chital - 365620 • Email: ingj45@sskkamreli.org

## એક કદમ આગળ

વર્ષો વર્ષ પાણીનાં તળ ઉંડા જતાં જાય છે. આપણી જુની પરંપરાગત પિયત પદ્ધતિઓના હિસાબે પાણીનો બગાડ ખુબ જ વધે છે. આ શબ્દો છે સામતેરના પ્રગતિશીલ ખેડૂત ભરતભાઈ ભાવુભાઈ ગોહિલના. તે કહે છે કે ૫ વીઘામાં કપાસની ખેતી કરૂ છું, જ્યારે અન્ય જમીન બાગાયતી પાક છે. દર વર્ષે કપાસની ખેતીમાંથી સરેરાશ વીઘે ૨૦ થી ૨૨ મણનું સારી કવોલિટી વાળું ઉત્પાદન લઈ રહયો છું તે માટે હુ શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા અને કોટન કનેકટના સહયોગથી ચાલતા ઉતમ કપાસની પહેલ કાર્યક્રમનો આભાર માનુ છું. જુદી જુદી તાલીમોમાં હાજરી આપી અને તેમાં મળેલ ખેતીલક્ષી સારી પધ્ધતિઓનું મારી કપાસની ખેતીમાં અમલીકરણ કરી રહયો છું. કપાસમાં પાણીની જરૂરીયાત ખાસ જીંડવા આવવા સમયે ખુબ રહે છે. દરિયાથી લગભગ ૧૦ કિલોમીટર દૂર આવેલ આ ગામમાં ધીરે ધીરે પાણીના તળ નીચા જતાં જોવા મળે છે. દરિયાકાઠાથી નજીક તેમજ પાણીના વધારે વપરાશના કારણે પાણીમાં ખારાશનું પ્રમાણ વર્ષો વર્ષ વધુ જોવા મળે છે. હાલ ખારાશનું પ્રમાણ સરેરાશ ૧૧૪૬ જેવુ જોવા મળે છે. જે પીવાના પાણી માટે અનુકૂળ નથી તેમજ સેન્સીટીવ પાકો માટે પણ અનુકૂળ નથી. આવી પરિસ્થિતિમાં પાણી વ્યવસ્થાપન બાબતે ખેડૂતો પિયત પદ્ધતિઓમાં ફેરફાર કરે તે ઘણું અગત્યનું છે. બસ આ વિચાર મને આ કાર્યક્રમમાં જોડાયા બાદ તાલીમ દરમ્યાન સમજમાં આવતા ત્યારથી મેં અમલીકરણના ભાગરૂપે એક પાટલે પિયત આપવાનું ચાલુ કર્યુ. આજુ બાજુના ખેડૂતો માટે પ્રેરણા રૂપ દાખલો આપી રહયો છું. હું પહેલા પરંપરાગત રેળ પિયત પદ્ધતિથી કપાસમાં દરેક પાટલામાં પિયત આપતો હતો. જેમાં પાણીનો વધુ પડતો બગાડ તેમજ ગુલાબી ઈયળનો ઉપદ્રવ વધુ જોવા મળતો હતો. જેથી કપાસની પાછલી અવસ્થાએ ખરેખર પિયતની જરૂરિયાત હોય ત્યારે પિયતનું પાણી કુવામાં રહેતું ન હતું તેમજ ગુલાબી ઈયળનાં ઉપદ્રવને કારણે કપાસની ગુણવતા પણ બગડતી હતી. જેથી ઉત્પાદન ઓછું અને ખર્ચ વધતા ઘણું મોટું આર્થિક નુકશાન સહન કરવુ પડતુ હતું.

મને મળેલ જાણકારીથી પાણીના બચાવવાનું તો મેં કામ કર્યુ પણ મેં દવાઓ, ખાતરોનાં બિન જરૂરી ખર્ચ ઘટાડી અને મારા નફાના ધોરણમાં વીઘે સરેરાશ ૫૦૦૦થી ૭૦૦૦ વધારો કર્યો. જેના કારણે આજે મારા પરિવારના માટે આર્થિક, સામાજિક અને ભૌતિક સુખાકારીમાં વધારો થયો. સામતેર ગામમાં કુલ ૦૩ ગૃપ મળી મારી સાથે ૧૨૦ ખેડૂતો જોડાયેલા છે. તે પૈકી આ દાખલારૂપ બાબત અન્ય ખેડૂતો આ કાર્યક્રમથી પ્રેરિત થઈ ને સારી ખેતી પદ્ધતિઓનું અમલીકરણ કરી રહયા છે. તે માટે હું પણ કાર્યક્રમના એક ભાગ તરીકે ગર્વ અનુભવી રહયો છું.

**વિદ્યા માનવીના સંસ્કાર સિંચન માટે ચાવી રૂપ છે.**

## લર્નીંગ સહાયકોની કાર્યશાળા

શીખવાની સહાયતા માટે હરિરાજ દ્વારા ચાલતા લર્નીંગ સેન્ટરના સંચાલકોની આ વર્ષની પ્રથમ કાર્યશાળા (તા. ૨૭–૨૮ મે ૨૨) યોજાઈ.

કાર્યશાળામાં કાર્યક્રમના હેતુ, સિધ્ધાંતો, વિદ્યાર્થીઓની પસંદગી, સ્થળ પસંદગી, લર્નીંગ આસીસ્ટંટની પસંદગી તથા આ કાર્ય માટેના બજેટ પર ચર્ચા થઈ.

લોજીકલ ફ્રેમવર્ક તેમજ મીશન મોડેલ પર સહભાગીઓ દ્વારા કવાયત થઈ. પ્રોજેક્ટ કાર્ય માટે જરૂરી ઈનપુટ, પ્રવૃતિઓ, આઉટપુટ, આઉટકમ અને ઈમ્પેકટ સમજવા પ્રયાસ થયો. લાભાર્થી, ભાગીદારો, સંશાધનો, હીતધારકો, આવક અને ખર્ચ વિ. બાબતો સમજવામાં આવી.

આ કાર્યશાળામાં શ્રધ્ધા કથીરીયા, ભરત વાળા, ભાવિકા ત્રિવેદી, ગોરધન વાઘેલા અને જાનકી પંડયાએ શીખવાની પધ્ધતિઓ, ડેટા મેનેજમેંટ, ટીએલએમ, વિદ્યાર્થીઓ માટે વર્કબુક, અઠવાડીક પ્લાન, વાલી મીટીંગ અને સ્ટેકહોલ્ડર કન્સલ્ટેશન અંગે માર્ગદર્શન આપ્યુ હતુ.

ચકુ સાંખટ, સુમિતા કવાડ, મીનલ ગઢાદરા, પલ્લવી ગઢાદરા, રેખાબેન વાઘ, સલોની રાઠોડ, મનીષા કોડીયાતર, નીરુપા સુખડીયા, નેન્સી ગાંગડીયા અને ધાર્મી વકાતર આ કાર્યશાળામાં જોડાયા અને વર્ષ ૨૦૨૨–૨૩ના શૈક્ષણિક વર્ષમાં શરૂ કરવાની કામગીરીનુ આયોજન કર્યુ હતુ.

ધીરજ વાગડીયા તથા રોનીતા રામાણીએ કાર્યશાળાનું સંચાલન કર્યુ હતુ.



**સારા વિચાર માનવીને સજ્જન બનાવે છે.**

## જેન્ડર એજ્યુકેશન

આ માસમાં પીપળવા ગામે ચાલતા જેન્ડર એજ્યુકેશન કાર્યક્રમના છેલ્લા સેશનમાં સંસ્થાના પ્રતિનિધિઓએ ભાગ લીધો.

ઉપસ્થિત કિશોરો તથા એફજીડીમાં જોડાયેલ કિશોરીઓએ આ કાર્યક્રમમાં પોતે શીખેલી બાબતો તથા એકશન કાર્યની રજુઆત કરી.

ફાઉન્ડેશન કોર્સમાં ખેલઆયોજન, અપેક્ષાઓ, માનવઅધિકાર, લીંગભાવ, લીંગ સમાનતા, કિશોરાવસ્થામાં ફેરફારો, જાતિયતા, લીંગ સ્વાસ્થ્ય, હિંસા અને મર્દાનગી, યૌનિક હિંસા, સ્વસ્થ સંબંધો જેવા મુદ્દાઓ સમજવા પ્રયાસ કર્યો અને તેમાં ગ્રજ્યુએટ થયા બાદ જે શીખ બની તેના આધારે અમે એકશન પ્રોગ્રામમાં જોડાયા.

એકશન અને નેતૃત્વ કાર્યમાં અમે જે પ્રવૃતિઓ હાથ ધરી તેમાં જુથ કાર્ય, સંવાદ, એફજીડીનુ અયોજન અને લીડ કરવી, સમસ્યાઓને સમજવી અને તેના સમાધાન શોધવા, જનજાગૃતિ અભિયાન અને એકશન આયોજન કર્યુ જેમાં અમને ગામ લોકો, પંચાયત, શાળા, અંગણવાડી અને કિશોરીઓનો ખુબ સહયોગ મળ્યો. અમારી શાળાના શિક્ષકોએ પણ અમને પ્રોત્સાહિત કર્યા.

આજે જાનકીબેન, શ્રધ્ધાબેન, નરેન્દ્રભાઈ અને ધીરૂભાઈએ અમારી મુલાકાત લઈ અમારી સાથે વાતો કરી અમને ગમ્યું.

સંસ્થાના સીનીયર કાર્યકરો સાથે જોડવા બદલ અમે સૌ કિશોરો તથા કિશોરીઓ દિલીપભાઈ અને શીલ્પાબેનના આભારી છીએ.



**કરેલ યજ્ઞ, પડેલ વરસાદ અને મેળવેલી વિદ્યા કદી નિષ્ફળ જતાં નથી.**

## જીવન નિર્વાહમાં થયેલ પરિવર્તન

નમસ્કાર,

મારૂ ગામ ગાંગડા છે, જે દરિયાથી નજીક આવેલુ છે. હું ઉતમ કપાસની પહેલ પ્રોજેક્ટ સાથે ૨૦૧૫થી જોડાયેલો છુ. કપાસની ખેતી ઘણા સમયથી કરતો આવ્યો છુ. હું ખેતી સાથે પશુપાલન પણ કરૂ છું. અમારા ગામમાં કપાસ, મગફળી, ચણા, દિવેલા સાથે તરબુચ, ટેટી જેવા પાકોની સાથે બાગાયતી પાકો કરવામાં આવે છે.

પ્રોજેક્ટની શરૂઆત ન હતી તે પહેલાં અમારી આર્થિક પરિસ્થિતિ બહુ નબળી હતી. ઉત્પાદન જોઈએ તેટલું મળતું ન હતું તેમજ કપાસની વેરાયટી વિશે જાણકારી જ હતી, દવા મન ફાવે તેમ છાંટતા હતા, મોનોક્રોટોફોસ જેવી ઝેરી દવાઓ બહુ છાંટતા હતા. કપાસનું વાવેતર ૬ ફુટના ગાળે કરતા હતા, કપાસમાં રાસાયણિક ખાતરનો ઉપયોગ બેફામ કરતા હતા, ડીએપીનો ઉપયોગ પાયામાં અને પાળા ચઢ ાવતી વખતે કરતા હતા, ટુંકમાં કહેવું હોય તો અમે રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓ પાછળ બહુ ખર્ચા કરતા હતા.

પ્રોજેકટની શરૂઆત પછી ધીમે ધીમે અમારા ગામમાં પરિવર્તન આવવા લાગ્યું હતું. અમને શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા મિટિંગ અને તાલીમોમાં માહિતી આપવામાં આવતી હતી, તેમજ મારા ખેતર પર આવીને પણ રોગ જીવાત વિશે માહિતી આપતા હતા.

શરૂઆતમાં તો મોનો બંધ ઝુંબેશ ઉપાડયું અને તેમાં મારા ગામના ખેડુતોનો સારો પ્રતિભાવ મળ્યો હતો. તાલીમો વેન કેમ્પેઈન અને મીટીંગના માધ્યમથી મોનોની જગ્યાએ નિમ ઓઈલ અને બુવેરિયા બાસીયાના છાંટવી જોઈએ તેમ કહયુ હતું અને ડેમો તરીકે પણ નિમ ઓઇલ આપતા હતા. હું માઈક્રો તત્વો, ૧૩–૦૦–૪૫, ફેરોમોંન ટ્રેપ, યલો સ્ટીકી ટ્રેપ, એક પાટલે પિયત, કપાસની ડુંખ કાપવી, આંતર પાક જેવી પદ્ધતિ અપનાવતો થયો છુ. સાથે સાથે ગામના ખેડૂતો બીસીઆઈ સિદ્ધાંતો જેવા કે પાક સંરક્ષણ, પાણી, જમીન, બાયો ડાયવસિટી, રૂની ગુણવતા, ઉતમ કાર્યનું પાલન કરતા થયા છે.

સામાજિક રીતે જોઈએ તો હવે મારા ગામમાં કોઈ નિરાધાર વ્યકિત કોઈ સરકારની યોજનાથી વંચિત હોય તો આ પ્રોજેક્ટ તેમને યોજના સાથે લિંકેજ કરાવી આપે છે તેમજ તેમનું આરોગ્ય સારુ રહે અને જીવન ધોરણ ઉચ્ચ બને તેના માટે સતત મળતા રહે છે. મારા ગામમાં મજુર વેતન, અધિકારો વિશે વાતો કરવામાં આવે છે. કોઈ બાળક મજુરી ન કરે તેના માટે મારા ગામની અંદર શાળા કાર્યક્રમ કરવામાં આવે છે.

આમ, ખેડૂતો, મજુરો, બાળકોનાં જીવનમાં પરિવર્તન સાથે ખેડૂતો સારી પ્રેકટીસ કરતા થયા, મજુરો પોતાના અધિકારોથી વાકેફ થયા, ૬ થી ૧૪ વર્ષના બાળકો શાળાએ જાય છે.

– જશુભાઈ ભુપતભાઈ ગોહિલ

**નમ્રતા વગરનો માણસ પાણી વગરની નદી જેવો છે.**

## જીવન સ્તરે સુધાર

મારા ગામમાં શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા ૨૦૧૫થી ઉતમ કપાસની પહેલ કાર્યક્રમ શરૂ થયેલ છે. સંસ્થાના કાર્યકરો અવાર નવાર અમારા ખેતરની મુલાકાતે આવે છે. પાકોનું નિરીક્ષણ કરી અને જરૂરી ભલામણો કરે છે. અમારી વાડીમાં મજુરોની તાલીમ પણ કરવામાં આવે છે.

મારા પોતાના અનુભવની વાત કરૂ તો ૬ વર્ષ પહેલા અમે ખેતરમાં ખાતર અને દવાઓનો ઉપયોગ કરતા તેમા ખર્ચમાં વધારો થવા સાથે સાથે ઉત્પાદન પણ ઘટતું ગયું તેમજ જમીન પણ ક્ષાર યુકત અને બંજર બનતી જતી હતી આ એક મોટી સમસ્યા હતી તેમજ ચિંતાનું કારણ બનતું.

આ સંસ્થાના સંપર્કમાં અમે આવ્યા અગાઉ જણાવ્યા મુજબ અમને સમયાંતરે દવા અને ખાતરની ભલામણ અને કપાસમાં દરેક પાકોમાં જીવાંત જોઈને ઉપયોગ, મિત્ર કીટકો ઓળખવા, પક્ષીઓને બેસવા લાકડીના ટેકા મુકવા, ફેરોમેન ટ્રેપ લગાવવી, ગુલાબી ઈયળના નિયંત્રણના પગલા તેમજ પ્રકાશ પિંજર બનાવવા રાત્રિના સમયે ખેતરમાં સફેદ લેમ્પ લગાવી અને નીચે એક તગારામાં ઓઈલ વાળુ પાણી મુકી જીવાંતના નિયંત્રણની પ્રેકટીસ કરતા થયા.

સંસ્થાના કાર્યકરો આ બદલાવ માટે કારણભુત બન્યા. આ સંસ્થા અને તેના કાર્યક્રમોમાં જોડાવા બદલ અમે ગર્વ અનુભવીએ છીએ.

– ભાવનાબેન ભરતભાઈ વસાણી

## તાલીમકારોની તાલીમ

તા. ૧૧ અને ૧૨ તથા ૨૪ થી ૨૭ દરમ્યાન ઉતમ કપાસની પહેલ કાર્યક્રમ સાથે સંકળાયલા સંસ્થાના ૬૫ કાર્યકરો માટે ટીઓટી યોજાઈ હતી. પ્રોગ્રામેટીક તાલીમ હરિરાજ તાલીમ કેન્દ્રમાં અને એગ્રોનોમીક તાલીમ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના તાલીમ હોલમાં રાખવામાં આવી હતી.

પ્રોગ્રામેટીક તાલીમ કેતનભાઈ સતાસીયા તથા હેતલભાઈ પટેલ દ્વારા અપાઈ હતી. જેમાં પ્રોગ્રામ અમલીકરણની બાબતો જેવી કે બીસીએસએસ, ફીલ્ડ ફેસીલીટેટર / પ્રોડયુસર યુનિટ મેનેજરની ભુમિકા અને જવાબદારીઓ, પ્રિન્સીપલ અને ક્રાઈટેરીયા, અમલીકરણ માળખુ, અમલીકરણના ભાગીદારો, પ્રોડયુસર યુનિટ તેમજ વહિવટી પ્રક્રિયાઓ સમજવામાં આવી હતી.

જયારે એગ્રોનોમીક તાલીમમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના તજજ્ઞો શ્રી નીલેષભાઈ કાછડીયા (સંકલિત જીવાંત – ઓળખ અને નિયંત્રણ, શ્રી પીનાકીનભાઈ પ્રજાપતી (પોષક વ્યવસ્થાપન), શ્રી વીશાલભાઈ સાવલીયા (સંકલિત રોગ – ઓળખ અને નીયંત્રણ), શ્રી વીરેન્દ્રભાઈ પરમાર (વિસ્તરણ – આઈઈસી અને કૃષિલક્ષી મોબાઈલ એપ્લીકેશન) અને સુજીતભાઈ બારૈયા (સોઈલ હેલ્થ) એ માર્ગદર્શન આપ્યુ હતુ. છેલ્લા દિવસે ડેટા મેનેજમેંટ પર સંદીપ શર્માએ માહિતી આપી હતી.

**એકાંતમાં જાત સાથે વાતો કરવી એટલે પ્રાર્થના.**

## જન્મ દિવસની શુભકામનાઓ

| | |
|---|---|
| Nensi Gangadiya | 01.06.2003 |
| Manjuben Makvana | 01.06.1973 |
| Dhirubhai Solanki | 01.06.1980 |
| Khatubhai Saravaiya | 01.06.1981 |
| Balubhai Nagar | 01.06.1991 |
| Alpeshbhai Kotdiya | 01.06.1994 |
| Sureshbhai Gohil | 01.06.1962 |
| Prof. J M Talaviya | 06.06.1970 |
| Dolubhai Gohil | 06.06.1978 |
| Manisha Kodiyatar | 10.06.2000 |
| Arjun Zanzrukiya | 19.06.1996 |
| Yogeshbhai Solanki | 20.06.1997 |
| Bhavikaben Trivedi | 29.06.1969 |
| Ravibhai Sankhat | 30.06.1993 |

## ખેડુત મિત્રો,

નીચેના પ્રશ્નોના જવાબ અમને નીચેના વોટસએપ નંબર ૬૩૫૬૩ ૫૨૮૨૮ ઉપર લખીને કે બોલીને જણાવવા વિનંતી છે.

૧. રાસાયણીક ખાતરનો કેટલો ઉપયોગ કરો છો ?

૨. જમીન માવજતમાં ભલામણ પ્રમાણે સુક્ષ્મ તત્વોનો ઉપયોગ કરો છો ?

૩. તમારા ગામમાં કેટલા ખેડુતો કપાસનુ આગોતરૂ વાવેતર કરે છે ?

૪. તમારા ગામમાં વાવેતર પહેલા નિંદામણ નાશક દવાનો ઉપયોગ કરે છે ?

૫. ઓર્ગેનીક કાર્બન વિષે આપની જાણકારી શું છે અને તે આપણી જમીનમાં વધારવા માટે શું કરી શકીએ ?

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Regi. No. AMR/91/2021-23
Valid Upto 31/12/2023

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

SSKK

**ટપક કાર્યાલય :**

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**માતા બાળકની શિક્ષા, દિક્ષા અને સંસ્કારનો ગુરૂ છે.**